sitilink
(An Undertaking of Surat Municipal Corporation)

# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફ્ત વિવિધ ૧૩ રૂટ પર ૩૬૭ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૮૭ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફ્રો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

કોસાડ વિસ્તારમાં હાલ કોસાડ EWS H2 BRTS સુધી જાહેર પરિવહન સેવા કાર્યરત છે. સદર સેવા ગૃહમ સર્કલ સુધી લંબાવવા માટે કોર્પોરેટરશ્રીઓએ સુરત મહાનગરપાલિકામાં સંયુક્ત રજૂઆત કરેલ. આ અંતર્ગત તા.૨૩/૦૨/૨૦૨૬ ને સોમવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે જાહેર પરિવહન સમિતિના ચેરમેનશ્રી સોમનાથભાઈ મરાઠે સાહેબ અને વાઈસ ચેરમેનશ્રી નિલેશભાઈ પટેલ સાહેબ તથા અન્ય સાથી કોર્પોરેટરશ્રીઓના વરદ્હસ્તે કોસાડ તળાવ/ગૃહમ સર્કલ BRTS સ્ટોપનું ઈનોગ્રેશન કરવામાં આવેલ. આ શુભારંભ કાર્યક્રમમાં હોદ્દેદારશ્રીઓ - સભ્યશ્રીઓ, આગેવાનશ્રીઓ, કાર્યકર્તા ભાઈઓ - બહેનો, નાગરિકો ઉપસ્થિત રહેલ.

સદર બસ સ્ટોપ પરથી BRTS રુટ નં.૧૪, ૧૬, ૨૦ અને ૨૨ તથા સિટી રુટ નં.૧૧૨,૨૧૨ અને ૨૨૬ ની સીધી બસ સેવા મળી રહશે. સદર બસ સ્ટોપ શરુ થયેથી ઉક્ત વિસ્તારના રહેવાસીઓને ધંધાકીય તથા નોકરીયાત વર્ગને જાહેર પરિવહન સેવાનો લાભ મળી રહશે અને તેઓને ONGC, ડીંડોલી, સચિન, ખરવરનગર, સરથાણા, રેલ્વે સ્ટેશન, ચોક અને VNSGU ની સીધી કનેક્ટિવિટી મળી રહશે. જેથી જાહેર જનતાને સદર સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફ્થી સાદર**
**સમાચાર યાદી નં. .........................**
**તા.૨૩/૦૨/૨૦૨૬**